દમણગંગા ટાઇમ્સ

Vapi 22 January, 2018

# ધરમપુરમાં નિ:શુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો







**શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલ, ધરમપુર અને શ્રી ચૌધરી ઘોઘારી લોહાણા મહાજન, ધરમપુરનું સહિયારું આયોજન કરાયું.**

**ધરમપુર, તા. ૨૧ :** કોઈપણ સમાજની પ્રગતિ માટે જરૂરી છે, તેના સ્વાસ્થ્ય, તંદુરસ્ત લોકો એક વિકાશશીલ સમાજનું નિર્માણ કરી શકે છે. લોકોનાં સ્વાસ્થ્ય માટે જરૂરી છે, આરોગ્યની મૂળભૂત જરોરીયાત પ્રત્યેની જાગૃતિ અને યોગ્ય તબીબી સારવારની ઉપલબ્ધિ. શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલ ધરમપુર અને તેની આજુબાજુના આદિવાસી વિસ્તારોમાં આ બંને કર્યો ખુબ કટિબદ્ધતાથી કરી રહી છે. અહી ૭૫ પલંગ છે અને વર્ષે સવા લાખથી વધુ લોકો અહી સારવાર મેળવે છે. છેલ્લા ૧૩ વર્ષથી અહી ગ્રામીણ વિસ્તારમાં ભાગ્યે જ મળતી હોય એવી ગુણવત્તાભરી અદ્યતન તબીબી સારવાર પૂરી પાડવામાં આવે છે. મહાત્મા ગાંધી આધ્યાત્મિક માર્ગદર્શક શ્રીમદ રાજચંદ્રજીના પરમ ભક્ત અને શ્રીમદ રાજચંદ્ર મિશન ધરમપુરનાં સંસ્થાપક પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઈની પ્રેરણા અને માર્ગદર્શનથી ધરમપુરમાં શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલની સ્થાપના કરવામાં આવી છે.

સ્વાસ્થ્ય સંભાળના આ ઉપક્રમમાં આગળ વધતા શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલ અને શ્રી ઘોઘારી લોહાણા મહાજન દ્વારા તા.૨૧મી જાન્યુઆરી, રવિવારે સવારે ૦૯-૦૦થી ૧૨-૩૦૦૦૦૦ સુધી શ્રી ઘોઘારી મહાજન વાડી ધરમપુરમાં સંપૂર્ણપણે નિશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રસ્તુત કેમ્પમાં શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલનાં નિષ્ણાત ડોકટરો દ્વારા ૩૦૦થી વધુ દર્દીઓની વિનામૂલ્યે તપાસ કરવામાં આવી હતી અને દવા પણ આપવામાં આવી હતી. જેની વિગતો નીચે મુજબ છે. ફિઝિશિયન દ્વારા તાવ, શરદી,દમ વગેરે તથા હૃદય ફેફસાં અને ડાયાબિટીસ, જરૂરિયાત મુજબ બ્લાદ સ્યુગર અને બ્લડ પ્રેશરનું ચેકિંગ, હૃદયરોગના નિષ્ણાત ડોકટર પણ ઉપસ્થિત હતા. બાળરોગ વિશેષજ્ઞ દ્વારા બાળકોના વિવિધ રોગોસ્ત્રીરોગ વિશેષજ્ઞ દ્વારા ગર્ભાશયના રોગો તથા સગર્ભા સ્ત્રીઓની તપસ અને સારવાર. પ્રસુતિ માટે નોંધણી. જનરલ સર્જન દ્વારા સારણગાઠ, એપેન્ડિક્સ,હરસ મસા, ભગંદર તથા પેટના રોગો શ્રીમદ રાજચંદ્ર બાળપોષણ સેવા કેન્દ્ર-ઓછું વજન ધરાવતા બાળકોને સારવાર શ્રીમદ રાજચંદ્ર વિકલાંગ સેન્ટર-જન્મજાત ખોડ-ખાપણ, વાંકા-ચૂંકા હાથ-પગ, બોલવા ચાલવામાં ખામી ધરાવતા બાળકો માટેનું નિદાન તથા સારવાર કેન્દ્ર દંત રોગ વિશેષજ્ઞ-દાંતના રોગો આ મેડીકલ કેમ્પ ભાગ લઈ, યોગ્ય સારવાર લઈ, માંદગી મુક્તિ મેળવી સર્વ લોકો આરોગ્યપરદ જીવન તરફ આગળ વધે અને સ્વસ્થ-સુંદર ધરમપુરનું સ્વપ્ન સાકાર થાય.